ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૯૨ ટકા

# શહેરમાં બેંક હડતાલથી આર્થિક વ્યવહારો અટવાયા

## બેંક કર્મચારીઓએ સુત્રો પોકારી સરકારની નીતિ પ્રત્યે વિરોધ પ્રગટ કર્યો : હડતાલથી અજાણ ગ્રાહકોને ધરમધક્કો પડયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં આજે રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ દ્વારા બેંકોના વિલીનીકરણ તથા અન્ય પગાર પ્રશ્નોને સંદર્ભે હડતાલ પાડી વિરોધ પ્રદર્શન કર્યું હતું. બેંક કર્મચારીઓની હડતાલના પગલે શહેરમાં મોટા ભાગના નાણાંકીય વ્યવહારો અટકી જવા પામ્યા હતા તથા કરોડો રૂપિયાના ચેકોનું કિલયરીંગ અટકી જવા પામ્યું હતું.

છેલ્લા કેટલાક સમયથી કેન્દ્ર સરકાર દ્વારા બેંકોના મર્જર તથા બેંકોનું ખાનગીકરણ કરવાની પ્રક્રિયા અંગે હિલચાલ હાથ ધરવામાં આવી છે. સરકારની આ પ્રક્રિયાનો બેંક કર્મચારીઓના વિવિધ સંગઠનોના ગઠબંધન યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આજે દેશભરમાં બેંક કર્મચારીઓના ગઠબંધન યુનિયન્સ દ્વારા રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન આપવામાં આવ્યું હતું તે અંતર્ગત ગાંધીનગરમાં પણ રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓએ તેમાં જોડાઈ વિરોધ પ્રગટ કર્યો હતો. ગાંધીનગરમાં સે-૧૬, સે-૨૧, સે-૧૧ સહિત મોટા ભાગની તમામ શાખાઓમાં કર્મચારીઓએ હડતાલ સાથે સુત્રોચ્ચાર કરી સરકારની નીતીઓ પ્રત્યે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ગાંધીનગરમાં બેંક કર્મચારીઓની હડતાલના પગલે કરોડો રૂપિયાના ચેકોના કિલયરન્સ અટકી પડયા હતા તથા નાણાંકીય વ્યવહારો પર બ્રેક લાગી હતી. આ પગલે નાગરિકોનો ધસારો એટીએમ કેન્દ્રો પર વધુ જોવા મળ્યો હતો. અનેક ગ્રાહકોને બેંક કર્મચારીઓની હડતાલ અંગે જાણ ના હોવાથી તેમને બેંકમાં ધરમધક્કો પડયો હતો. જેમાં વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ વગેરેનો પણ સમાવેશ થતો હતો.

### સહકારી અને ખાનગી બેંકો ચાલુ રહી

બેંક કર્મચારીઓની હડતાલ રાષ્ટ્રીયકૃત બેંકો પુરતી મર્યાદિત હોવાથી શહેરની ખાનગી અને સહકારી બેંકોની શાખાઓ ચાલુ રહી હતી. ગાંધીનગર નાગરિક કો-ઓપરેટીવ બેંક, એડીસી બેંક, અર્બન કો-ઓપરેટીવ બેંક, ગ્રામીણ બેંકો તથા ખાનગી બેંકો ચાલુ રહેવા પામી હતી. જો કે રાષ્ટ્રીયકૃત બેંકો બંધ હોવાને કારણે આ બેંકોના ચેક કિલયરન્સ પર અસર પડી હતી.







## શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીકના વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ

ગાંધીનગર, તા.૨૨

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક, સે-૨૨, ગાંધીનગરમાં પ્રથમ વર્ષમાં એડમિશન લીધેલ વિદ્યાર્થીઓને રાજય સરકારની ટેબલેટ યોજના અંતર્ગત 'નમો ટેબલેટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજય સરકારનો ઉદ્દેશ આજના ડિજિટલ યુગમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થી શિક્ષણ માટે ઈ-બુક, ઈ-જર્નરલ વર્ચ્યુઅલ લેબ પ્લેટફોર્મ અને વિશ્વ કક્ષાના વીડિયો લેકચર અને પ્રેઝન્ટેશન થકી જ્ઞાન મેળવે તે હેતુ છે. જેના થકી સ્થળ અને સમયના અવરોધ વગર ગુણવત્તાયુકત શિક્ષણમાં અભિવૃદ્ધિ થશે તેમજ અધ્યાપકો સાથે વિદ્યાર્થીઓ સીધો સતત સંપર્ક કરી શકશે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રામકૃષ્ણ સ્વામી દ્વારા વિદ્યાર્થીઓ ટેબલેટનો સઉપયોગ કરી શ્રેષ્ઠ કારકિર્દી બનાવે તેવા આશીર્વાદથી વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રથમ રાઉન્ડમાં ૧૨૧ વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ થયું છે અને બીજા રાઉન્ડમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને રાજય સરકારની ટેબલેટ યોજનાનો લાભ મળશે.

## ઉઘરાણીનાં આવેલા રૂ.૧.૭૫ લાખ લઈને પાર્ટનર રફ્ફુચક્કર થઈ ગયો.!!

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક વાવોલમાં રહેતા અને નાના-મોટા કન્સ્ટ્રક્શનનાં કોન્ટ્રાક્ટ લઈ ગુજરાન ચલાવતા યુવાનને તેના સાથી કોન્ટ્રાક્ટરે દગો આપી ઉઘરાણીનાં આવેલા રૂ.૧.૭૫ લાખ લઈને રફ્ફુચક્કર થઈગયો હોવાની ઘટના ધ્યાને આવી છે. છેતરપિંડીનો ભોગ બનેલા યુવાને પાર્ટનર સામે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તેને પકડી પાડવા તજવીજ શરુ કરી છે.

વાવોલ ગામનાં કુબેરનગર વિસ્તારમાં રહેતા હુસૈનઅવલ મહમ્મદ ઈદરીસ શેખ અને તેનો બિહારી પાર્ટનર અનુજ મનોજ સિંગ બંને નાના-મોટા કન્સ્ટ્રક્શનનાં કોન્ટ્રાક્ટ લઈ સાથે કામ કરતા હતા. દરમ્યાન તાજેતરમાં જ વિવિધ કંપનીઓમાંથી ઉઘરાણીનાં રૂ.૧.૭૫ લાખ રૂપિયા આવ્યા. આર્મી કેમ્પ જઈને આવુ છું તેમ કહીને અનુજ રૂપિયા લઈને જતો રહ્યો પછી પરત ન ફરતા હુસૈનઅવલે ફોન કર્યા પણ ઉપાડ્યા નહી. ત્યાર બાદ એક ફોન ઉપાડ્યો અને અનુજે કહી દીધુ કે રૂપિયા નહિ મળે જે થાય તે કરી લે...! ધમકી આપીને અનુજે ફોન કટ કરી નાંખ્યો..! હુસૈનઅવલે તેની સાથે થયેલી છેતરપિંડી અંગે સે-૭ પોલીસ મથકમાં ફરિઆદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## લાયોનેસ કલબ દ્વારા સિહોલી અને તારાપુરમાં અનાજનું વિતરણ

લાયોનેસ કલબ દ્વારા સિહોલી અને તારાપુરના જરૂરિયાતમંદોને અનાજની કીટનું વિતરણ કરાયું હતું. જેમાં લોટ, ચોખા, તેલ, મસાલા,



ચા, ખાંડ, બેસનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાના કાર્યમાં લાયોનેસ પરમજીત છાબડા, સિહોલી ગામના સરપંચ કરનભાઈ અને તારાપુરના સરપંચ ગૌરીબેન દશરથભાઈ ઠાકોરે સહકાર આપ્યો હતો. આ ભગીરથ કાર્યમાં લાયોનેસ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાની, સેક્રેટરી નીતાબેન રાણા, એરિયા ચેર પર્સન ચંદાબેન યાદવ, રિલીવિંગ હંગર કમિટના ચેરમેન દક્ષાબા વાઘેલા, મીનાબેન ત્રિવેદી અને મોટી સંખ્યામાં લાયોનેસ સભ્યો જોડાયા હતા.

## બાવન ગોળ જનક્ષત્રિય સમાજના પ્રમુખપદે પ્રમુખ તરીકે દિનેશ ચૌહાણ

ગાંધીનગર, તા.૨૨

બાવન ગોળ જનક્ષત્રિય સમાજની તા. ૨૦-૮-૨૦૧૭ના રોજ મળેલ સામાન્ય સભામાં પ્રમુખ તરીકે દિનેશ ચૌહાણ (ગાંધીનગર) અને મહામંત્રી તરીકે મનુભાઈ જણસારી (હિંમતનગર)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત હોદ્દેદારો તથા કારોબારીની પણ રચના કરવામાં આવી છે.

જેમાં ઉપપ્રમુખ તરીકે સર્વ મણીલાલ કે. ચૌહાણ અને ગુણવંતલાલ એમ. ઘડિયાળી, સહમંત્રી તરીકે ચીનુભાઈ બી. ચૌહાણ તથા ખજાનચી તરીકે રમેશચંદ્ર એમ. ચૌહાણ, સંગઠન મંત્રી તરીકે દશરથભાઈ જી. જણસારી તથા રમેશભાઈ એસ. પરમાર, ઓડીટર તરીકે જગદીશભાઈ જે. ચૌહાણ અને કોષાધ્યક્ષ તરીકે જગદીશભાઈ જી.





પરમારની નિમણૂંક કરવામાંઆવી છે.

કારોબારી સભ્યોમાં અમદાવાદ ખાતે સર્વ પોપટભાઈ આર. જણસારી, વિષ્ણુભાઈ એસ. ભરતવાલા, વિપુલભાઈ એમ. ચૌહાણ, કનુભાઈ કે. ચૌહાણ, બાબુભાઈ એમ. જણસારી, કેવિનભાઈ પી. ચૌહાણ અને જીતુભાઈ એન. ચૌહાણ તથા ગાંધીનગર ખાતે કાંતિભાઈ સી. ચૌહાણ અને બિપીનકુમાર જી. જણસારીની નિમણુંક કરવામાં આવેલ છે.

## પાલજ ગામમાં કુવામાં પડેલી યુવતિનો બીજે દિવસે મૃતદેહ મળ્યો

### માનસિક બિમાર ૨૨ વર્ષિય યુવતિએ આપઘાત કર્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામમાં એક કુવામાં ગામની જ એક યુવતિએ છલાંગ લગાવી હોવાનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળતા ટીમ પાલજ ગામમાં પહોંચી ગઈ હતી. કુવામાં ફાયરબ્રિગેડની ટીમે કલાકો સુધી શોધખોળ કરી પરંતુ મોડી સાંજ સુધી કુવામાંથી યુવતિની કોઈ ભાળ ન મળતા ટીમ પરત ફરી હતી દરમ્યાન સવારે કુવામાંથી યુવતિનો મૃતદેહ મળી આવ્યો હતો. ચિલોડા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે બપોરનાં અરસામાં ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળ્યો હતો કે પાલજ ગામના પાણી ભરેલા કુવામાં કોઈ યુવતિએ પડતુ મુક્યુ છે. આ કોલને પગલે ફાયર ઓફીસર મહેશ મોડની ટીમનાં ડે.ફાયર ઓફીસર ચિનુભાઈ પટેલ તેમના કાફલા સાથે પાલજ પહોંચી ગયા હતા. કુવામાં ઉતરીને અંદર કલાકો સુધી શોધખોળ કરવા છતા યુવતિની કોઈ ભાળ મળી આવી ન હતી. મોડી સાંજ સુધી તપાસ કર્યા બાદ કાંઈ ન મળતા ફાયરબ્રિગેડની ટીમ પરત રવાના થઈ હતી. જો કે સવારે તપાસ દરમ્યાન યુવતિનો મૃતદેહ મળી આવ્યો હતો. કુવાની પાછળના જ મકાનમાં દરબારવાસમાં રહેતા ચંદુભાઈ અજમાલભાઈ ઓડની ૨૨ વર્ષિય દિકરી વસંતનો મૃતદેહ હોવાનુ ખુલ્યુ છે. યુવતિએ આપઘાત કરી લીધો હોવાની શંકાએ તપાસ ચાલી રહી છે. મૃતકનાં પિતાનાં નિવેદનમાં જાણવા મળ્યુ છે કે તેમની દિકરી ઘણા સમયથી માનસિક બિમારીનો ભોગ બની હતી. ચિલોડા પોલીસે મૃતદેહ પી.એમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી જમાદાર સજ્જાદખાને વધુ તપાસ શરુ કરી છે.

## પિંપળજ ગામનાં યુવાનનો ખેતરની ઓરડીમાં ગળેફાંસો

ગાંધીનગર નજીક આવેલા પિંપળજ ગામમાં રહેતા ૩૧ વર્ષિય યુવાન રાજેન્દ્રસિંહ ઝીલુસિંહ વાઘેલાએ આજે બપોરનાં અરસામાં કોઈ અગમ્ય કારણોસર પોતાના ખેતરની ઓરડીમાં જઈને રસ્સો બાંધીને ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતા પરિવારજનોનાં પગ તળેથી જાણે જમીન સરકી ગઈ હતી. પેથાપુર પોલીસને ઘટના અંગે જાણ કરાતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. જો કે હજુ સુધી યુવાને કરેલા આપઘાત પાછળનું રહસ્ય બહાર આવ્યુનથી.

## સે-૨૭ ખાતે હોર્સ રાઈડીંગ સ્કુલમાં ૨૦૦થી વધુ અશ્વ પ્રેમીઓએ તાલીમ લીધી

### શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા માત્ર રૂ.૫૦૦ ફી નિયત કરાઇ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૨૭ ડી.એસ.પી ઓફીસ ખાતે માઉન્ટેડ પોલીસ દ્વારા વર્ષ ૨૦૧૫માં હોર્સ રાઈડીંગ સ્કુલ શરુ કરવામાં આવી હતી. બે વર્ષમાં આ રાઈડીંગ સ્કુલમાં ૨૦૦થી વધુ અશ્વ પ્રેમીઓએ અત્યાર સુધીમાં તાલીમ લીધી છે. આ તાલિમ શાળાનું ઉદઘાટન જીલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે મે-૨૦૧૫ માં કર્યુ હતુ. રાઈડીંગ સ્કુલમાં વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા તેમના માટે ફી નું પ્રમાણ અડધુ રાખવામાં આવ્યુ છે. માઉન્ટેડ પોલીસ દ્વારા ચલાવવામાં આવતી આ રાઈડીંગ સ્કુલમાં સામાન્ય તાલીમીઓ માટે ફી નું ધોરણ રૂ.૧૦૦૦ પ્રતિ માસ નિયત કરાયેલુ છે જ્યારે શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા અડધી ફી એટલે કે માત્ર ૫૦૦ રૂપિયા ફી નિયત કરાઈ છે. રાઈડીંગ સ્કુલમાં માઉન્ટેડ યુનિટનાં તાલિમબધ્ધ જવાનો કે જેમને રાજ્ય તથા નેશનલ કક્ષાના મેડલ મેળવ્યા છે તેમના દ્વારા તાલિમ અપાઈ રહી છે. માઉન્ટેડ યુનિટના પી.એસ.આઈ ઈશ્વરસિંહ રાઠોડ કે જેમને વિવિધ રાઈડીંગ કોમ્પીટીશનમાં નેશનલ કક્ષાના ૧૪ મેડલ મેળવ્યા છે તેમની દોરવણી હેઠળ તાલીમ અપાઈ રહી છે.

## લવ મેરેજના એક વર્ષ બાદ દિકરીના અપહરણનો પ્રયાસ ..!!

### મરચાની ભુકી નાંખીને ઘરમાં તોડફોડ કરી દિકરીને ઈકો ગાડીમાં ઉઠાવી જવાનો પ્રયત્ન : ટોળુ ભેગુ થઈ જતા પ્રયાસ નિષ્ફળ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરનાં સે-૧૭ ખાતે સવારે એક મકાનમાં ફિલ્મી ઢબે ધમાલ થઈ ગઈ હતી. એક વર્ષ પહેલા લવ મેરેજ કરીને આવેલા યુવાન સે-૧૭માં પરિવાર સાથે રહે છે. જે દિકરી સાથે લવમેરેજ કર્યા હતા તેના પિયરથી ઈકો ગાડીમાં ટોળુ આવ્યુ અને ઘરમાં ઘુસીને તોડફોડ કરી મરચાની ભુકી આંખમાં ફેંકીને દિકરીનાં અપહરણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બુમાબુમ થઈ જતા પડોશીઓનું ટોળુ ભેગુ થઈ ગયુ એટલે પિયરથી આવેલુ ટોળુ દિકરીનાં અપહરણ કરવામાં નિષ્ફળ રહ્યુ અને સ્થળ છોડીને ગાડીમાં ફરાર થઈ ગયા હતા. જો કે દિકરીનો જીજાજી પકડાઈ ગયો હતો. આ મામલે પ્રેમી યુવાનની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરનાં સે-૧૭ ખાતે રહેતા યુવાન બ્રિજેશ દિપકભાઈ પરમારે એક વર્ષ પહેલા વૈભવી સાથે લવ મેરેજ કર્યા હતા અને ત્યારથી વૈભવી બ્રિજેશ સાથે તેના સે-૧૭નાં ઘરે પરિવાર સાથે રહે છે. લવમેરેજ થયા ત્યારથી વૈભવીનાં પિયરથી કોઈ તેને બોલાવતુ નથી. હજુ સુધી લવમેરેજ સ્વિકાર્યા ન હોવાથી આવરોજાવરો પણ શરુ થયો નથી. દરમ્યાન ગઈ કાલે સવારે ૧૧ વાગ્યાનાં અરસામાં અચાનક વૈભવીનાં મમ્મી અને માસા સે-૧૭માં ઘરે આવ્યા. ઘરે બ્રિજેશ ,વૈભવી, બ્રિજેશના ભાઈ અને મમ્મી હાજર હતા. વૈભવીનાં મમ્મી અને માસાને પહેલી વાર ઘરે આવ્યા તેની ખુશીમાં અંદર બોલાવ્યા અને બ્રિજેશના મમ્મી તેમના માટે પાણી લેવા રસોડામાં ગયા. બ્રિજેશને શંકા ગઈ એટલે તેને ઘરની બહાર નજર નાંખી...! બહાર એક ઈકો ગાડી પડી હતી અને તેમા ચાર-પાંચ શખ્સો બેઠેલા જોઈ બ્રિજેશ ચાલ સમજી ગયો. તકેદારી રાખવા પપ્પાને બોલાવી લેવા બ્રિજેશે ખિસ્સામાંથી મોબાઈલ નિકાળ્યો કે તરત જ વૈભવીનાં માસાએ મોબાઈલ ઝુંટવી લીધો અને બીજી તરફ વૈભવીને તેની મમ્મી ખેંચીને બહાર લઈ જવા લાગી. આ જ સમયમાં વૈભવીનાં જીજાજી હાથમાં મરચાની ભુકી લઈને ઘરમાં આવ્યા અને બ્રિજેશ અને તેના ભાઈ ઉપર મરચાની ભુકી છાંટી દીધી. ત્યાર બાદ ઘરમાં તોડફોડ શરુ થઈ ગઈ. બુમાબુમ શરુ થઈ જતા પડોશીઓનું ટોળુ ભેગુ થઈ ગયુ અને ટોળુ જોઈને વૈભવીનાં પિયરથી આવેલુ ટોળુ સમયસુચકતા દાખવીને બહાર નિકળી ઈકોમાં ભાગી ગયુ. જોકે વૈભવીના જીજાજી પકડાઈ ગયા હતા. આ ઘટના અંગે બ્રિજેસે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ઈકોમાં આવેલા છ થી સાત શખ્સો સામે ગેરકાયદેસર ગૃહપ્રવેશ, તોડફોડ, અપહરણનો પ્રયાસ, મારમારી અને જાનથી મારી નાંખવાની ધમકી અંગે ફરિયાદ આપતા પોલીસે તપાસ શરુ કરી છે.



## આઈ લવ માય ગાંધીનગર



**ભીખુ કવિ**

**સાહિત્યકાર, નાટ્યકાર**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર મારી કર્મભૂમિ છે, આ શહેરે મને ઓળખ અપાવી છે, નવા સ્નેહીઓ પણ મેળવી આપ્યા છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, એકમેક સાથે સરળતાથી ભળી જનારા અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગર સાહિત્ય સભા, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, શહેર વસાહત મંડળ, સમદર્શન આશ્રમ, આર્ષ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નગરમાં વડીલો જેટલા કાર્યશીલ ને સંવેદનશીલ છે એટલી જ કાર્યશીલતા ને સંવેદનશીલતા યુવાવર્ગમાં પણ જગાવવામાં આવે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**

સેવા અને યુવા વિકાસના કાર્યક્રમો માટે મારી સઘળી સહાય શહેરને પૂરી પાડવા માટે હું સદાય તત્પર છું.

## @ગાંધીનગર

● સે-૨૨ જૈન દેરાસર દ્વારા પર્યુષણ પર્વ નિમિત્તે શ્રી ગણધરવાદ પ્રવચન બપોરે ૨.૩૦ કલાકે યોજાશે.

## વાતવાતમાં

● સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત સ્વચ્છતા અને શૌચાલય અંગે જાગૃતતા વિષય આધારિત ફિલ્મ 'ટોયલેટ એક પ્રેમકથા'નું ખાસ નિદર્શન મંગળવાર બપોરે ૩.૫૦ કલાકે સે-૧૧માં સિનેમેકસ ખાતે યોજવામાં આવ્યું હતું. આ ફિલ્મને નિહાળવા રાજય સરકારના મુખ્ય સચિવ તથા સચિવ ઉપસ્થિત રહ્યા હતા.

● રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસની ઉજવણી પછી તેની તપાસ માટે ભારત સરકારની ટીમે આજે ગાંધીનગર જિલ્લાના સોજા પ્રા.આ. કેન્દ્ર અને શોભાસણ સબસેન્ટરની મુલાકાત લીધી હતી. આ ટીમ દ્વારા વિડીયોગ્રાફી અને ટેપથી રેકોર્ડિંગની પણ કામગીરી કરવામાં આવી હતી.

● સ્વાઈન ફલુને લઈ આજે જિલ્લા ભાજપના મેડીકલ વીંગના તબીબો અને આરોગ્ય વિભાગના અધિકારીઓની એક બેઠક મળી હતી. જેમાં ૩૦થી વધુ તબીબો અને તંત્રના અધિકારીઓ જોડાયા હતા.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની ગાંધીનગર શાખાની મીટીંગ સંપન્ન

ગાંધીનગર, તા.૨૨

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને મળી હતી. સ્વર્ગીય સભ્ય મોહનભાઈ વણકરને તેમાં શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. તેમજ માર્કસવાદના મુળ તત્વોનું વાંચન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય માનવ હક્ક આયોગને એસોસીએશને કરેલ રજુઆતથી સફાઈ કામદાર શ્રી ચૌહાણને રૂ. ૨૫૦૦૦નું વળતર હરિયાણા સરકારે ચુકવેલ છે તે દલિતદાંડની માહિતી તથા રજુઆતો વિષે જાણકારી આપવામાં આવી હતી તેમજ રેનબસેરા શરુ કરાશે તેવી જાણ કરવામાં આવી હતી.

મુકિતધામમાં સંત શ્રી રોહિદાસ, શહીદવીર મેઘમાયા, તેજાનંદ સ્વામીને પુષ્પાંજલિ અર્પવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યું હતું.

## મહાકાલ કોમ્યુનિકેશન દ્વારા સુગમ સંગીત યોજાયું

ગાંધીનગર, તા.૨૨

શ્રી મહાકાલ કોમ્યુનિકેશન દ્વારા ગાંધીનગર સે-૭-એ બ્લોક નં. ૧૪/૫માં સુગમ સંગીત અને કવિતા વિષયક વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં સંગીતપ્રેમીઓ અને સાહિત્યપ્રેમીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મહાકાલ કોમ્યુનિકેશનના પ્રમુખ શૈલેષ પંડયા 'ભીનાશે' કવિતા વિષયક સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. જયારે સુરેશ રત્નોત્તરે પણ સંગીત વિષયક વાતો કરી હતી.

## ચિરવિદાય

- સ્વ. કોકીલાબેન અમરાજી ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. રાજેન્દ્રસિંહ જીલુજી વાઘેલા, ઉ.વ. ૩૪
- સ્વ. રવજીજી કમાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. સવિતાબેન મોહનલાલ ત્રિવેદી, ઉ.વ. ૮૦